SC

[A-75]

# SARDAR PATEL UNIVERSITY

No. of page-02

## M.A. Semester-4 EXAMINATION 2015

**Monday, 27 April TIME:01:30 P.M. TO 05:30 P.M. TOTAl MARKS -70**

**PAO4SGUJ03 (લેખન-કૌશલ અને પ્રૂફ વાચન)**

---

પ્રશ્ન-૧ નીચેના 'અ' અને 'બ'ના જવાબ ઉત્તરવહીમાં આપો. દરેકનો એક ગુણ છે. ૦૫-ગુણ

અ.

01) તત્સમ શબ્દોને તદ્ધિત પ્રત્યય 'ઈક' લગીને વિશેષણ બને ત્યારે આદ્યસ્વરની વૃદ્ધિ છે?

અ. સત્ય બ . અસત્ય ક. અર્ધસત્ય ડ. ત્રણ માંથી એક પણ નહીં

02) જોડાક્ષરમાં અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય તેવા તદ્દભવ શબ્દોમાં શું કરવું ?

અ. અલ્પપ્રાણનું દ્વિત્વ બ. મહાપ્રાણનું દ્વિત્વ ક. અલ્પપ્રાણ રાખવું ડ. અનુસ્વાર મૂકવું

03) ગુજરાતીમાં જોડણીને ઉચ્ચારાનુંસારી તેમજ વ્યુત્પત્તિને અનુસરતી કરવાનો પ્રયત્ન કોને કર્યો ?

અ. જયંત ગાડીત બ. નરસિંહરાવ દિવેટિયા ક. જયંત કોઠારી ડ. ગાંધીજી

04) સાચી જોડણી જણાવો

અ. શ્રીખંડ બ. શિખંડ ક. શીખંડ ડ. શ્રીખન્ડ

05) અનુસ્વારના કોમળ કે તીવ્ર ઉચ્ચારો દર્શાવવા શું કરવું ?

અ. ઉચ્ચાર ચિહ્નો વાપરવા બ. ઉચ્ચાર ચિહ્નો વાપરવા નહીં

ક. યથાવત રાખવું ડ. ત્રણ માંથી એક પણ નહીં

**બ. નીચેની પ્રૂફવાંચન માટે વપરાતી નિશાનીઓની સમજૂતી આપો** ૦૫-ગુણ

01) # : ......................

02) D અથવા d : ......................

03) p : ........................

04) = : ......................

05) ⊙ : ......................

પ્રશ્ન-૨ નીચેના મુદ્દાના આધારે આશરે ૫૦૦ શબ્દોમાં વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો. ૧૫ગુણ

બે ભાઈઓ-મિલકતની વહેંચણી-એકને ધન,ધાન્ય,શ્રીની પ્રાપ્તિ-બીજાને નિષ્ફળતા સાંપડવી-ભાગ્યની શોધમાં નીકળવું-માર્ગમાં દુઃખીજનોનું મળવું-પોતાના દુઃખો કહેવા-ભાગ્યનું મળવું-પોતાના અને અન્યના દુઃખોનું નિરાકરણ મળવું-ભાગ્યનું ફળવું.

અથવા

તમે લીધેલી કોઈ સાહિત્યકારની મૂલાકાત અંગેનો 500 શબ્દોમાં સંવાદ લખો.

પ્રશ્ન-૩ 'ઉનાળાની રાત' વિષય પર લલિત નિબંધ લખો. ૧૫-ગુણ

અથવા

તમે કરેલ શૈક્ષણિક પ્રવાસ અંગે તમારા મિત્રને પત્ર લખો.

પ્રશ્ન-૪ નીચેના શુદ્ધ ફકરાને ધ્યાનમાં રાખીને પ્રૂફવાંચન માટે વપરાતી નિશાનીઓનો ઉપયોગ કરી અશુદ્ધ ફકરાની લેખન શુદ્ધિ કરો ૧૫-ગુણ

**(શુદ્ધ ફકરો)**

ઉદયગિરિ અનેક સ્થળે હોય છે. ભુવનેશ્વર પાસે આવેલી ઉદયગિરિ ખંડગિરિની ગુફાઓ પણ અત્યંત પ્રાચીન છે. સાપુતારાના આપણા ગિરિમથક પર પણ એક ઊંચી ટેકરીને 'ઉદયગિરિ' એવું નામ આપી દેવામાં આવ્યું છે. વિદિશામાં પણ ઉદયગિરિ. ઉદયગિરિના માર્ગે જતાં ડાબી બાજુએ વેત્રવતીને કાંઠે કારખાનાની એક ચીમની જોઈ. આ કારખાનાની કાલિદાસે ક્યાંથી કલ્પના કરી હશે ? કાલિદાસના સમયમાં તો અગ્નિમિત્રનું કે એવા કોઈ રાજવીનું પ્રમદવન પણ હોય; એમાં હોય બકુલાવલિકા, ચતુરિકા, મદનિકા, નિપુનિકા કે માલવિકા. પણ ભલા આ કારખાનામાં તો એ બધાં ક્યાંથી હોય ? એ આખો પરિવેશ પલટાઈ ગયો છે.

**(અશુદ્ધ ફકરો)**

ઉદયગિરિ અનેક સ્થળે હોય છે. ભૂવનેશ્વરપાસે આવેલી ઉદયગિરિ ખંડગરિની ફાગુઓ પણ અત્યત પ્રાચીન છે. બાપુતારાના આપણા ગિરિમથક પર પણ એક ટેકરીને ઊંચી 'ઉદયગિરિ' એવું નામ આપી દેવામાં આવ્યું છે. વિદિશામાં પણ ઉદયગિરિ. ઉદયગિરીના માર્ગે જતાં ડાબી બાજુએ વેત્ર  વતીને કાંઠે કારખાનાની **એક**  મની જોઈ આ કારખાખાનાની **કાલિદાસે ક્યાંથી** કલ્પના કરી હશે ? કાલિભાસનાસમયમાં તો અગ્નિમિત્રનું કે એવા કોઈ રાજવીનું પ્રમદવન પણ હોય; એમાં હોય બકુ  લાવલિકા, ચતુરિકા, ચતુરિકા, મદનીકા, નિપુનિકા કે બાલવિકા. પણ ભલૂ  આ કારખાનામાં તો એ બધાં ક્યાંથી હોય ? એ આખો પરિવાર  પલટાઈ ગયો શે.

પ્રશ્ન-૫  પ્રૂફવાંચન માટે વપરાતી નિશાનીઓનો ઉપયોગ કરી આપેલ કાવ્યની લેખન શુદ્ધિ કરો. ૧૫ગુણ

**મારી** આંખે કંકુના બૂરજ આથમ્યા...
તારી વ્હેલ શંગારો વીરા, શગને સંકોરો
રે રે રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

પીળે રે        પાંદે લાલ ઘોડા ડૂબ્યા:
ડૂબ્યાં અલકતાં રાજડૂબ્યા,,,,,મલકા તાં કાજ
રે હણહનટી મે સાબડી સુવાસ;
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

મને રોકેપંછાયોએક  ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો, અડધા ઝાંઝરથિ ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

—x—